


# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૩ • તા.૨૪ જૂલાઈ થી ૩૦ જૂલાઈ ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના

# ટ્રસ્ટીગણોની વરણી

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન



SAVIOUR®
Performing PPE

Sure Safety
Complete Safety Solutions

# COVID-19 OFFER

SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF

EN 166 FPSAV-F-SS



COVID-19 Face Shield

NIOSH/EN 149-2001 + A1:2009/FFP2 RPSAV-N95



N-95 Respirator

SITRA Approved BPSAV-VGS



N-95 Respirator

EN 166 EYSAV-CHS-S



Chemi Splash Small

*Offer Valid till Stocks last!!! at factory Prices.


BOOK YOUR ORDER

DEALERS WANTED

www.suresafety.com

healthcare@suresafety.com | onlinestore@suresafety.com

+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જિંદગી એક અઘરી જીવન યાત્રા

જિંદગીને એર સફર યાત્રા કે પ્રવાસ સમજીએ તો સતત ચાલતા રહેવાની આ પ્રક્રિયા છે. યાત્રાનો રોમાંચ છે. તો સગવડ અગવડથી ખેડાતો પ્રવાસ છે. આસાન રસ્તા, કપરી પરિસ્થિતિ અને અગણિત મુસીબતોની આ સફર ક્યારે આપણામાં આત્મવિશ્વાસ ભરી દે છે તો, ક્યારેક સંપૂર્ણ હતોત્સાહ કરી આપણને ભાંગી નાંખે છે. એક ખુશ નસીબ પળ આવવાથી આપણી અંદર એક નવી ઊર્જા ઉત્પન્ન થઈ જાય છે. જે આગળ તરફ વધવાનું ઈંધણ પૂરૂ પાડે છે.

જીંદગીને બહેતર બનાવવી કે બદતર તે આપણા હાથમાં છે. જિંદગીમાં જીવન યાત્રા દરમ્યાન જે કંઈ પણ થતું હોય, સારૂ કે નરસું એના જવાબદાર આપણે હોઈએ છીએ. પણ આપણાથી એનો સ્વીકાર થતો નથી અને તેના દોષ બીજા પર ઢોળી દઈએ છીએ. સફરમાં જોડાતા સાથીઓ, કે અધ વચ્ચે સંપર્કમાં આવતા પ્રવાસીઓ મનમેળ થાય આત્મીયતા કેળવાય એ આપણા સ્વભાવની સરળતા છે. સંબંધો સાચવવાની આપણી કુશળતા દર્શાવે છે. પણ જો તેની સાથે મતભેદ થ ાય, વિચાર ભેદથી કુમેળ સર્જાય તેનો સાથ તેનો સહવાસ તે આપણી સામે હોય તો પણ આપણને ખટકે તો એ આપણી નિષ્ફળતા છે. આપણી સંબંધો સાચવવાની નાકામિયાબિ છે. સંબંધો સાચવવા અને એનું સંવર્ધન થાય, એનું જતન થાય એવી સતત કાળજી રાખીએ. માહોલ જાળવી રાખીએ એ આપણો ધર્મ, સ્વભાવ હોવો જોઈએ. સામેવાળા તરફ આપણે કેવી કાળજી ધરાવીએ છીએ. આનાથી આપણી કાળજી સંબંધ પ્રત્યેની આપણી ફિકર સામે આવે છે.

જિંદગી એક કસોટી છે. પરીક્ષા છે. પરખ છે. એને બેસ્ટ બનાવવા, એને સરળ કે આસાન બનાવાની જવાબદારી નિભાવવી આપણી ફરજ છે. આ ફરજ આપણે સફળતાથી બજાવીએ તો જે ખુશી અને સંતોષ મળશે. એ અમાપ હશે અવર્ણનીય હશે. કારણકે ત્યારે જ આપણી આંતરીક શક્તિનો શું ગજું છે. તેનું માપ આપણને મળશે. કુદરતે બધાને સમજ અને શક્તિ ભરપૂર આપ્યા છે. માત્ર એને સારી રીતે, યોગ્ય સ્થળે અકસીર પણે આપણે વાપરીએ તો જિંદગીની સફળતા હાથવેંતમાં પામીએ શકીએ છીએ.

લક્ષ્ય બનાવીને આપણે રસ્તે ચાલીએ, ભલે એકલા હોઈએ. લોકો સાથે આવે કે ન આવે કોઈનો સાથ મળે કે ન મળે. લક્ષ્યને સાધવાની આપણે લડાઈ ભલે એકલાં લડીએ. આનાથી ભવિષ્યનું ઘડતર થશે અને ઉપર ચડવાનું એક ઓર પગથિયું બનશે.

જિંદગીની દોડમાં આપણે પડશું ભાંગશું કે ઘવાઈ શું  પણ ઝઝૂમવાની તાકાત કેળવીશું તો ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થઈ ફરી સામનો કરવા સજ્જ થઈ શકીશું. 'યા હોમ કરીને પડો ફતેહ છે. આગે' એવા નિર્ધાર એવો સંકલ્પ મંત્ર આપણી તાકાત બની રહે છે. જિંદગીની યાત્રા અઘરી છે. વિકટ છે એ ખરું પણ, એને આસાન બનાવવી આપણા હાથમાં છે. અઘરી જીવન યાત્રાને સરળ સપાટ બનાવી શકીએ એ આપણી સફળતા છે. સિદ્ધિ છે. જે આપણે પામીએ.

– જય જ્ઞાતિમૈયા

# દોષોને ઊગતા ડામવા સારા

શરીર પર ક્યારે પણ નાનો ઘાવ થાય તેની ઉપેક્ષા કરવી નહીં. તે પ્રત્યે અવગણવા ભાવ ધરાવવો નહીં. કારણ કે ઉપર ઉપરથી સામાન્ય જેવો ઘાવ અંદર વધુ ફેલાયેલો હોય તો તેને વકરતા વાર લાગતી નથી. તેનો ફેલાવો બહાર આવીને પીડા, યાતના આપે છે. ત્યારે તેનો ઈલાજ વધુ મોંઘો પડે છે ને લાંબો ય ચાલે છે. આવું જ કંઈ મન પર પડેલ ઘાવ નું છે. સમયસર અને સચોટ ઈલાજ ન કરાય તો પછી આ ઘાવ ઝટરૂઝાતા નથી. આવી જ રીતે ગેરસમજ, મતભેદ અને ધૂરી સમજેલી વાતનું વતેસર થાય છેતમત્યારે અણધાર્યું પરિણામ આપે છે. એટલે મન, મોતીને કાચ એક વખત ભાંગે છે તે પછી સંધાતા નથી અને કદાચ સંધાઈ જાય તો પણ તેની અસર તો રહેવાની.

એવું જ કંઈક એક ચિંગારીનું છે. નાનો એવો તણખલો ઘાસની મોટી ગંજીને ખતમ કરવાની તાકાત ધરાવે છે. મોટા મોટા મહાલયોને ભસ્મીભૂત કરવાની તાકાત ધરાવે છે. માટે જ ઈર્ષા, અદેખાઈ, લોભ, લાલચ કે વાસનાની આગ લાગતાની સાથે ઝટ બૂઝાવી દતેવી આપણા માટે ફાયદાકારક રહે છે એ વાત ગાઠે બાંધી રાખવી જોઈએ.

આવું જ ક્રોધનું છે. ક્રોધ આવે ત્યારે ભાન રહેતું નથી. અન્યને માટે સળગાવેલી જવાલામાં ક્રોધ કરનાર ખુદ પોતે જવાબાનો ભોગ બની ખાક થઈ જાય છે. એનું ભાન ક્રોધ શમી ગયા પછી તેને ભાન થાય છે કે ધાર્યું ન હતું એ થી વધુને વિકરાળ નુકસાન થઈ ગયું છે આમ ક્રોધથી આપણે સામાવાળાને નહીં આપણે પોતાને નુકસાન પહોંચાડીએ છીએ.

આ બધા નાના મોટા કષાયો એટલે દોષો જે મન અને શરીરમાં ઘૂસીને આપણને ગુલામ બનાવી દીધા છે. તેનાથી ઝટ છૂટકારો લઈ લેવો જોઈએ. આ શરૂઆતમાં નાનકડા લાગતા કષાયો જો જડમૂળથી કાપી નાખ જાગૃત નહીં રહીએ તો એ ભવિષ્યમાં વિરાટ કાય વૃક્ષ થઈ જશે જે આપણી જડખોદી કાઢશે. આ માટે દુર્લક્ષતા સેવવી નહીં સતત જાગૃતતા રાખવી જોઈએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના ટ્રસ્ટીગણોની વરણી

પરિવર્તન કુદરતનો નિયમ છે કહેવાય છે કે કોઈપણ કાર્ય જેમકે બિઝનેસ હોય, કે સેવા હોય, કે સંસ્થાકીય કાર્ય હોય, કે જ્ઞાતિના રિતરિવાજો હોય દર પાંચ વર્ષે એમા નવીન વિચારધારાઓનું સમન્વય કરવું જરૂરી હોય છે આ નવીન વિચારધારાઓ માટે યુવાનો અને બુદ્ધિજીવી વર્ગને આગળ આવું જ પડે છે. શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન આ વાતને બહુ સારી રીતે સમજી શક્યું છે અને સંસ્થાઓ નવા યુવાનોને આમંત્રિત કરી અને એક મજબુત ટીમ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી તૈયાર કરી છે જેમાં વિવિધ એરિયાઓમાંથી ૧૬૮ મહાસમિતિના મેમ્બરો સીલેક્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૨૭ મેમ્બરોની ટ્રસ્ટીઓ તરીકે નિમણૂંક કરવામાં આવી છે જેની યાદી નીચે પ્રમાણે છે આ ૨૭ ટ્રસ્ટીઓમાંથી ૩ મેનેજીંગ ટ્રસ્ટી અને ૧ સેક્રેટરી જનરલની નિમણૂંક ટૂંક સમયમાં આ ટ્રસ્ટી મંડળ કરશે જેઓ આગામી પાંચ વર્ષ માટે જ્ઞાતિ સેવા કરવા માટે તત્પર રહેશે.

પ્રબોધ હિરાચંદ મુનવર અન્ય કચ્છ (ભુજ)
કુણાલ તિલકભાઈ ડાઘા માંડવી (કચ્છ)
નિશિથ આણંદીલાલ દંડ ગુજરાત (વડોદરા)
રાજેશ ખીમચંદ ધરમશી ગુજરાત (અમદાવાદ)
પંકજ પાર્શ્વવીર લુઠિયા હાલાર (નાની ખાવડી)
મુલચંદ પદમશી મોતા કેરલા (બડગરા)
રાજેશ ગંગાજર મોમાયા તામીલનાડુ (ચેન્નઈ)
કિર્તી ધનજી ધરમશી કર્નાટક (બેંગ્લોર)
ધીરીશ એમ. ધરમશી કર્નાટક (બીજાપુર)
હેમાંગ મણીકાંત મોમાયા એ.પી. (હૈદ્રાબાદ)
ભરતભાઈ નરશીભાઈ દંડ મહારાષ્ટ્ર (મલકાપુર)
હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા મહારાષ્ટ્ર (નાંદેડ)
દેવાંગ ઉત્તમચંદ ખોના મહારાષ્ટ્ર (સાંગલી)
મણીલાલ મુલજી લાલકા વેસ્ટ બંગાળ (કોલકત્તા)
ચંદ્રેશ વિરચંદ છેડા છત્તીસગઢ (રાયપુર)
તરૂણ રતનશી લોડાયા એમ.પી. (ઉજ્જૈન)
નયન અશોક ભેદા મુંબઈ મહાજન
પ્રવીણ હંસરાજ લોડાયા મુંબઈ મહાજન
હંસ બી. ખીમજી મુંબઈ મહાજન
રાજેન્દ્ર મણીલાલ ખોના મુંબઈ મહાજન
જયેશ ભાગચંદ ધરમશી (જૈન) મુંબઈ મહાજન
જયંત વિશનજી છેડા મુંબઈ મહાજન
કુમાર બાબુભાઈ દંડ મુંબઈ મહાજન
ચેતન મેઘજી મોતા મુંબઈ મહાજન
સંજય રતીલાલ અજાણી મુંબઈ મહાજન
રાજુલ ભદ્રેશ મોમાયા મુંબઈ મહાજન
મનીષા ચેતન પોલડિયા મુંબઈ મહાજન

# હૈદ્રાબાદ સિટી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩નો મંગલમય ચાતુર્માસ પ્રવેશ થયો





દક્ષિણ ભારતના તેલગંણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદ સિટી નગર સંઘમાં ચાતુર્માસાર્થે પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ નો મંગલમય પ્રવેશ સંઘના શ્રાવક શ્રાવિકાઓની બહોળી સંખ્યામાં ઉમંગભરી ઉપસ્થિતી સાથે આનંદ મંગલ માહોલ વચ્ચે થયો. સંઘના શ્રાવકો શિરે સાફા અને ખભે જિનશાસનના ખેસધારણ કર્યા હતા. જિનશાસનના ધ્વજ લહેરાવતા સૌ જૈન ધર્મના જયજયકાર નારાના નાદ કરતા રહ્યા હતા. બહેનોએ સુશોભિત બેડા-કળશ શિરે ધરી, વિવિધ તરેહથી ગહુલી રચી પૂજ્ય સાહેબોનો સત્કાર કર્યો હતો.











# સાંધવ તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫નું ચાતુર્માસ મંગલ પ્રવેશ





તા.૧૮ જુલાઈ રવિવારના દિને કચ્છના અબડાસા પ્રાંતના સાંધવતીર્થ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કનક ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫નું વાજતે ગાજતે સંઘના શ્રાવક શ્રાવિકોના અદ્ભૂત ઉત્સાહ ભર્યા સામૈયા સાથે ચાતુર્માસ પ્રવેશ થયો.

સંઘની શ્રાવિકો શિરે બેડા, કળશ ધારણ કરી અને તરેહતરેહની ડિઝાઈનની ગહુલી રચી હતી. સંઘમાં ચાતુર્માસની ધર્મ આરાધનાનો ઉત્સાહ ચરમ સીમા પર છે.





## પાલીતાણા તીર્થે પ.પૂ. મુનિશ્રી વીરશેખરસાગરશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ



તા.૨૧ જુલાઈ બુધવાર અષાઢ માસ સુદ તેરસના પાવન દિને પાલીતાણા તીર્થના શેઠ શ્રી કેશવજી નાયક ધર્મશાળા ધર્મ સ્થાને પ.પૂ.મુનિશ્રી વીરશેખરસાગરજી મહારાજ સાહેબનો ચાતુર્માસાર્થે પ્રવેશ થયો.

શ્રાવકજનોએ ભાવપૂર્વક પૂજ્ય સાહેબનો સામૈયું કર્યું.

પ.પૂ.શ્રી વીરશેખરસાગરજી મહારાજ સાહેબનું જ્યાં પણ ચાતુર્માસ હોય છે તે સ્થાનકમાં ચાર મહિના વિશેષ ધર્મઆરાધના હોય થાય છે.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં
# શ્રી સુવિધિનાથ દાદાના આંગણે ચાતુર્માસિક આરાધના

અચલગચ્છના સહુથી વિશાળ સંઘમાં ગચ્છના ૧૦૩ ચાતુર્માસોમાં સહુપ્રથમ ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ બીજ શનિવાર તા.૨૬ જૂનના રોજ સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકોના ભવ્ય ઉત્સાહ વચ્ચે પૂજ્યશ્રીએ શ્રી સંઘમાં ૪૦મા ચાતુર્માસ માટે દબદબાભેર પ્રવેશ કર્યો અને આરાધનાની થઈ શરૂઆત.

ચાતુર્માસ મંગલ નિશ્રા પ્રદાન અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૮. જ્ઞાનોપાસના તા.૨૭ જુલાઈથી સુત્ર લલિત વિસ્તરા ચરિત્ર મહાસતીજી દરરોજ સવારે ૯.૧૫ થી ૧૦.૩૦. બાળકોને ફન કરાવી ફેન બનાવશે દર રવિવારે બપોરે ૨.૩૦ થી ૪ શ્રાવિકા બહેનો માટે શિબિર દર સોમવારે બપોરે ૨.૩૦ થી ૪. કોલેજિયન તથા જોબ કરતી બહેનો માટે દર શનિવારે નાઈટ ટોક રાત્રે ૮ કલાકે. કમ્મપયડી, જીવવિચાર, કર્મગ્રંથ નવતત્વાદિના પાઠો નિયમિત ચાલી રહ્યા છે પૂર બહાર.

બાળકો માટે દર્શન, પૂજા, ગુરૂવંદનના અભિયાનો તીર્થંકર પરમાત્માની ભક્તિ સાથે અષાઢ વદ બીજથી ૭૮ પ્રતિક્રમણનું અભિયાન જેમાં સામાયિક, દેશાવમાસિક, પૌષધાદિની આરાધના તપારાધના ચોમાસી છઠ, અષાઢ સુદ ૧૪/૧૫ તા.૨૨ તથા ૨૩ જુલાઈના થઈ. તા.૨૮ જુલાઈ અષાઢ વદ પાંચમ તિથિથી શ્રી જીરિકા પલ્લીતપ. અષાઢ સુદ પુનમ તા.૨૩ જુલાઈથી સાંકળી અઠમ વર્ધમાન તપનો પાયો આદિનો પ્રારંભ થશે. શ્રેણી તપની ૪ થી શ્રેણી ચાલી રહી છે.

૯૯મી ઓળીનું પારણું પ્રશાંતમૂર્તિ, સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ની સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી નયન ગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી લક્ષગુણાશ્રીજી મ.સા.ની ૯૯મી વર્ધમાન તપની ઓળીનું પારણું તા.૨૫ જુલાઈના સવારે ૯.૧૫ કલાકે થશે. દશવિધ યતિ ધર્મનો સંગીતમય કાર્યક્રમ સુવિધિનાથને દ્વારે

શ્રી સંઘના વાર્ષિક સર્વ સાધારણ ફંડમાં લાભ લેવાનો સોનેરી અવસર

૧) સર્વ સાધારણ સુર્વણ દાતા રૂા.૫૪,૦૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘ સંચાલિત ત્રણેય જિનાલયે નામ રહેશે.

૨) સર્વ સાધારણ રજત દાતા રૂા.૨૭,૦૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘ સંચાલિત ત્રણે જિનાલયે નામ રહેશે.

૩) સર્વ સાધારણ સહયોગી દાતા રૂા.૧૧,૦૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘ સંચાલિત ત્રણે જિનાલયે નામ રહેશે.

૪) સર્વ સાધારણ શુભેછક દાતા રૂા.૫૪,૦૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘના સુવિધિનાથ જિનાલયે નામ રહેશે.

૫) સર્વ સાધારણ શુભેચ્છ દાતા રૂા.૩૬૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલયે નામ રહેશે.

૬) આયંબિલના સહયોગી દાતા રૂા.૫૪૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘ સંચાલિત ત્રણે જિનાલયે નામ રહેશે.

૭) પાઠશાળાના સહયોગી દાતા રૂા.૫૪૦૦/- વર્ષ દરમ્યાન શ્રી સંઘ સંચાલિત ત્રણે જિનાલયે નામ રહેશે.

તપસ્વીઓના પારણાનો નકરો રૂા.૭૨૦૦. વધુ વિગત માટે શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી મો.નં.૮૪૨૨૯૦૦૯૯૨નો સંપર્ક કરવો.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા પર્યુષણ પર્વ આરાધનાનો સંઘ માહિતી પત્રક

|| ૐ હ્રીં શ્રી ચતુર્દશપૂર્વેભ્યો નમો નમઃ ||        || શ્રી આદિનાથાય નમઃ ||        || ગુરુ શ્રી ગુણસાગરસૂરિભ્યો નમઃ ||

## શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

(પ્રેરક-સંસ્થાપક : શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.)

૨૧, કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો, ૧ લે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન: ૨૩૭૭ ૮૭૩૯

### સંઘ માહિતીપત્રક

સંઘનું નામ :____________________ ગામ / સ્થળ ____________________

સંઘનું સરનામું ________________________________________

____________________ પીન કોડ ____________________

સંઘ કાર્યાલય : ફોન નંબર ____________________ એસ.ટી.ડી. કોડ :____________________

સંઘના ઉપાશ્રય / પર્યુષણ આરાધના સ્થળનું સરનામું :____________________

________________________________________

આરાધનાકારોના ઉતારા માટેનું સ્થળ ____________________

જૈનોની વસ્તી :____________________ કચ્છી જૈનોની વસ્તી :____________________

આપણે ત્યાં પર્યુષણ પર્વમાં ભાગ લેતા જૈનોની સંખ્યા :____________________ વ્યાખ્યાનમાં સંખ્યા :____________________

આપના શહેર/ગામમાં અન્ય સાધુ-સાધ્વીજી મ.સા.ના ચાતુર્માસ છે : હા / ના        તપગચ્છ ☐  સ્થાનકવાસી ☐  અન્ય ☐

ભાદરવા સુદ-૨ના સ્વપ્ન દર્શન-ઉછામણી : સવાર / બપોરના સમયે ?____________________

મુંબઈથી આવવા માટે ટ્રેન / બસ (બદલી થતી હોય તો તે પણ જણાવવું)

| | ટ્રેનનું નામ | નંબર | મુંબઈથી ઉપડવાનો | | આપને ત્યાં આવવાનો | |
|---|---|---|---|---|---|---|
| | | | સમય | સ્ટેશન | સમય | સ્ટેશન |
| ૧) | | | | | | |
| ૨) | | | | | | |
| ૩) | | | | | | |

૪        બદલી થતી હોય તો ક્યાં ?____________________

| શ્રી સંઘના આગેવાન અધિકારીઓના નામ | | | | |
|---|---|---|---|---|
| નં. | નામ | કચ્છમાં ગામ | હોદો | ટેલિફોન નંબર |
| ૧) | | | | |
| ૨) | | | | |
| ૩) | | | | |

પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** દ્વારા ગુજરાતીમાં રચેલ નીચે મુજબની પ્રતો આપના સંઘમાં છે કે નહીં, તે તપાસીને જણાવવું કારણ કે આ પ્રતોના આધારે વ્યાખ્યાન આપવામાં આવે છે.

૧) અષ્ટાન્હિકા વ્યાખ્યાન પ્રત (ગુજરાતીમા)   હા ☐  ના ☐      ૨) કલ્પસૂત્ર પ્રત (ગુજરાતીમાં)   હા ☐  ના ☐

૩) બારસાસૂત્ર ચાર ઢાળીયા (ગુજરાતીમાં)   હા ☐  ના ☐      ૪) કલ્પસૂત્ર હિન્દીમાં છે (કોઈપણ)   હા ☐  ના ☐

આપને ત્યાં ઉપરોક્ત (૩) પ્રતો ન હોય તો વહેલી તકે સંસ્થાની મુંબઈ ઓફીસેથી મંગાવી લેશો. નકરો રૂા. ૫૦૧/- રાખવામાં આવેલ છે.

પર્યુષણ આરાધના કરાવવા માટે **બે ભાઈઓ અથવા બે બહેનો** અનુકૂળતા પ્રમાણે મોકલવામાં આવે છે. છતાં પણ આપની પસંદગી જણાવશો. ભાઈઓ ☐   બહેનો ☐

આરાધનાકારો ગુજરાતી અથવા હિન્દીમાં વ્યાખ્યાનો આપે છે આપની પસંદગી ગુજરાતી ☐   હિન્દી ☐

આ ફોર્મ શક્ય એટલું વહેલું ભરીને મુંબઈ કાર્યાલયે મોકલી આપશોજી. ફોર્મ મળેથી આરાધનકારો નક્કી કરી આપને પત્ર દ્વારા જાણ કરશું.

આપનું કોઈ સૂચન હોય તો જણાવશો :____________________

તારીખ :____________________        સહી :____________________


શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ ૨૧ કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો ૧લે માળે મુંબઈ-૪૦૦ ૦૦૯ ફોન નં.૨૩૭૭૮૭૩૯ દ્વારા દરેક અચલગચ્છ સંઘને માટે પર્યુષણ પર્વ આરાધના વિષયક માહિતી પત્રક ભરી વહેલી તકે મોકલવા વિનંતી કરાઈ છે. ચાલુ વર્ષ ગત વર્ષના પ્રમાણમાં કોરોના પરિસ્થિતિના રોગાચાળા પ્રસારના પરિસ્થિતિ સુધરી રહી છે. શક્ય હશે તો પર્યુષણની આરાધના કરાવવા વ્યવસ્થા વિદ્યાપીઠ દ્વારા વ્યવસ્થા કરાશે. જેમને પણ સંઘમાં આરાધનકારોની જરૂરત હોય તેઓ એ તથા દરેક સંઘએ પર્યુષણ પર્વ આરાધના વિષયક વિગત જાણકારી ભરી વહેલી તકે ફોર્મ ભરી મોકલવા વિનંતી કરાઈ છે.

# શ્રી કેડીઓ જૈન સમાજ વડોદરામાં ૪૦ તપસ્વીઓએ જીવ હિસા શાંતિ માટે સામૂહિક આયંબિલ તપ કર્યા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરા મધ્યે તા.૨૧ જુલાઈ બુધવાર બકરી ઈદ નિમિત્તે સમગ્ર દેશમાં લાખો નિર્દોષ જીવોની અકારણે હિંસા કરવામાં આવે છે. આ સકલ જીવોને શાંતિ મળે સમાધિ સાથે સદ્‌ગતિ મળે એવા ઉચ્ચ વિચારથી સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આહ્‌વાનથી સંઘમાં ૪૦ તપસ્વીઓએ જીવદયાના કાર્ય માટે આયંબિલ તપ કરેલ.

આ આયંબિલ તપ કરાવવાનો લાભ માતુશ્રી ઝવેરબેન કલ્યાણજી લોડાયા હસ્તે રાજશ્રીબેન વર્ધમાન લોડાયા ગામ તેરા હાલે વડોદરા પરિવાર એ લીધેલ. આ પ્રસંગે રૂા.૨૧૧ના પ્રભાવના કરવામાં આવેલ. તપ કરાવનાર પરિવાર તથા સૌ તપસ્વીઓની સંઘ દ્વારા ખૂબ ખૂબ અનુમોદના.

# વર્ધમાન નગર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. ૬૫મો જન્મોત્સવ આનંદભર્યા માહોલમાં ઉજવાયો





તા.૨૩ જુલાઈ શુક્રવાર સવારે ૯.૪૫ કલાકે કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજનગરના સમીપે વર્ધમાન નગર સંઘમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.નું ૬૫મું જન્મોત્સવ આનંદ ભાવ સાથે મનાવાયો.

ગુરૂપૂજનનો ચડાવો રૂા.૨,૭૧,૦૦૦/- કામળી વહોરવાનો ચડાવો રૂા.૧,૧૫,૦૦૦/- ભાગ્યશાળીઓએ લીધો.



ચાતુર્માસના મુખ્ય લાભાર્થી, ચાતુર્માસના સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી તેમજ જન્મોત્સવના પુણ્યવંત લાભાર્થી પરિવાર માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર જામનગરવાળા હસ્તે ચિતલભાઈ અરવિંદભાઈ વોરા, શ્રુતિલ કિશોરભાઈ શાહ, મંથન કિશોરભાઈ શાહ વર્ધમાન નગર ભુજ.

સાહેબજીનો ૬૫મો જન્મોત્સવ અત્યંત ઠાઠ માઠ સાથે ઉજવાયો. વિમલનાથ દાદાની શીતલછાયામાં આ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાયા. ૬૫ મણ લીલો ચારો ગાયો માટે. ૬૫ છોડનું વાવેતર વર્ધમાન નગરે વસતા જૈન અજૈનને ઘર દીઠ, કોવઈ નગર (નવનીત નગર)ના જૈનોને ઘેર દીઠ, ભુજ નગરમાં વસતા અચલગચ્છના તમામ ઘરને કિલો ખાંડ, કિલો સાકરની લહાણી જે લગભગ ૧ હજાર લહાણી થશે.

કોટડા રોહા જૈન મહાજન એ સાહેબજીને આગામી ચાતુર્માસ માટે વિનંતી કરી. આ કાર્યક્રમનો યુટ્યુબ વિડીયો બે કલાક અવધિનો લિંક https://youtu.be/eaVCo8ZTTfg પર જોઈ શકાશે, માણી શકાશે.

# ગુરૂપૂર્ણિમાના મંગલ અસરે પ.પૂ.અચલગચ્છાધિપતિ મ.સા.ના સકલ સંઘને મંગળ આર્શીવાદ મળ્યા

## गुरुपूर्णिमा के मंगल आशीर्वाद!!!



દ: આ. કલાપ્રભસાગર સૂરિના
સકલ સંઘને ધર્મલાભ.

जीवन का उत्त्कृष्ट निर्माण हो।
परिवार में धार्मिकता की वृद्धि हो।
धर्म की रूचि सदा बनी रहे।
गुरु का मंगलमय सानिध्य मिले।
स्वाध्याय से जीवन को दिशा मिले।
तप साधना से जीवन मंगलमय हो।
परमात्मा की कृपा दृष्टि बनी रहे।
मोक्ष की अभिलाषा तीव्र बने।
साथ ही सभी की आत्मा का कल्याण हो।
आप सभी की आध्यात्मिक कुशलता बनी रहे -
हार्दिक मंगलकामनाये।
जिन धर्म की खूबप्रभावना हो।
जिन शासन जयवन्तु वर्तो!!!

# લાયન્સ ક્લબ ઓફ બોમ્બે-સર્વોદય નગરમાં સ્મિતા શાહની પ્રમુખ પદે વરણી





તા.૧૭ જુલાઈ ૨૦૨૧ શનિવારના દિવસે થાણામાં આવેલી હોટેલ 'બાઈક રેસીડેન્સી'માં 'લાયન્સ ક્લબ ઓફ બોમ્બે-સર્વોદય નગર'ની ઈન્સ્ટોલેશન સેરીમની/શપથવિધિનો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. જેમાં લાયન સ્મિતા સંદિપ શાહે ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેની પ્રમુખપદની શપથ પોતાની સંપૂર્ણ મહિલા ટીમ સાથે મળીને લીધી હતી. આ ક્લબની શરૂઆત ૧૯૯૨માં થઈ હતી. લાયન્સ ક્લબ ઓફ બોમ્બે સર્વોદય નગરના ઈતિહાસમાં આ પહેલી વખત થઈ રહ્યું છે. સ્મિતાબેનની શપથવિધિ ઈન્ટરનેશનલ ડાયરેક્ટર અરૂણા ઓસવાલ એ કરાવી હતી અને તેમણે આ ક્લબને મોડલ ક્લબ તરીકે જાહેર કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન લાયન રાજુલ પટેલ અને દિપ્તી કેનિયાએ કર્યું હતું. જ્યારે સંપૂર્ણ બોર્ડમાં મહિલાઓની નિમણુંક કરવામાં આવી છે.




# રોટરી ક્લબ ઓફ હુબલીના પ્રમુખ પદે પ્રોફેસર ડો.મહિમા દંડની વરણી




રવિવાર, તા. ૧૮.૭.૨૦૨૧ના પ્રોફેસર ડો.મહિમા મોહિત દંડ, રોટરી ક્લબ ઓફ હુબલી, વિદ્યાનગરના પ્રમુખ તરીકે શપથવિધિ ગ્રહણ કરી હતી સંસ્થાની પરંપરા પ્રમાણે આ પદવી એક વર્ષ ની અવધી માટે હોય છે. સમારંભમાં હાલના અને માજી રોટરી ડીસ્ટ્રીક્ટ ગવર્નરો અને અન્ય રોટરી સંસ્થાના પદાધિકારીઓ હાજર હતા. SDM University ના વાઈસ ચાન્સેલર ડો. શ્રી નિરંજન કુમાર અતિથિ વિશેષ તરીકે પધારેલ.



# કાંજુરમાર્ગ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વાચંયમાશ્રીજી મહારાજ સાહેબનું ચાતુર્માસ પ્રવેશ થયો




શ્રી કાંજુરમાર્ગ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વાચંયમાશ્રીજી મ.સા.નો ઉત્સાહ સભર માહોલમાં ચાતુર્માસ પ્રવેશ થયો. પૂજ્યશ્રીના સામૈયામાં સંઘના શ્રાવક શ્રાવિકો ઉમંગભેર જોડાયા હતા.


# શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા જૈન પરિવારમાં આવેલ અજૈન વધૂઓને માટે જૈન ધર્મ શિક્ષણના ઓનલાઈન ક્લાસ

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા કચ્છી જૈન સમાજ પરિવારમાં લગ્ન કરીને આવેલ અન્ય ધર્મ, જાતિની વધૂઓને પાયાનું જૈન ધર્મ વિષેનું જ્ઞાન મળે એ માટેનો ઓનલાઈન પ્રશિક્ષણ દર મંગળવારે બપોરે ૪ કલાકે તથા શુક્રવાર રાતે ૯ કલાકે અપાશે. જેમાં જૈન પરિવારમાં તમારા કે તમારા સગાવહાલાઓના પરિવારમાં મરાઠી, ગુજરાતી વૈષ્ણવ, પંજાબી, હિંદી, સાઉથ ઈન્ડિયન અથવા અન્ય કોઈ ધર્મની દીકરીઓ કે જે તમારા પરિવારની વધૂ-વહુઆરૂ થઈને આવી હોય તેઓને માટે આ એક ગોલ્ડન ચાન્સ છે ઘર બેઠા જૈન ધર્મ શીખવાડશે, દેવ, ગુરૂ વિષેનું જ્ઞાન તથા ધર્મ ક્રિયા વિષે સમજવાની અને જાણવાની અલભ્ય તક પ્રાપ્ત થશે.

કલ્પનાબેન પાસડની સંગે સરળ રીતે જૈન ધર્મના નવા નવા રંગ જાણાવી આનંદ અને જ્ઞાન મેળવો. વધુ વિગત માટે સંપર્ક રામજીભાઈ-૮૮૫૦૨૯૧૯૬૨, કેતનભાઈ-૯૮૨૧૫૪૮૧૯૫.

ઝૂમ મિટીંગ ID : https://us02web.zoom.us/j/88150930804 પાસવર્ડ ૧૨૩૪૫૬ આજે જ નીચે આપેલ વોટસએપ ગ્રુપમાં જોડાઓ અને નામ લખાવો https://chat.whatsapp.com/L0YUhHCE9tLI8p8Z2PIpn7 આ મેસેજ જૈન સમાજના દરેક પરિવારોમાં પહોંચડશો.

# ભુજ નગર સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૯નો ભવ્ય રીતે ચાતુર્માસ પ્રવેશ થયો

કચ્છના ઐતિહાસિક પાટનગર ભુજ નગર સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ના ચાતુર્માસ પ્રવેશનો અવસર ભવ્યતાથી અને વાજતે ગાજતે થયો સંઘના શ્રાવકો પીળા સાફા અને પીળા ખેસ ધારણ કરી સામૈયામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સંઘમાં ચાતુર્માસ દરમ્યાન થનારી તપ, ભક્તિ અને ધર્મ આરાધના લાભનો ઉમંગ ચરમ સીમામાં છે.





# નાસિક નગર સંઘમાં પ.પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ભાવપૂર્ણતાથી થયો





મહારાષ્ટ્ર રાજ્યની મંગલકારી અને પાવનકારી નગરી નાસિક શહેરના સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ભાવપૂર્ણ ઉત્સાહ આનંદના ભાવથી થયો. શ્રાવિકાઓએ ભાત ભાત રંગના વસ્ત્ર પરિધાન કરી શિરે બેડા કળશ ધરી પૂજ્ય સાહેબોની પરિક્રમા કરી ઉમળકા સાથે આદર વ્યક્ત કર્યો હતો. 'ગુરૂજી અમારો આર્તનાદ અમને આપો આશીર્વાદ'ના નારા લગાવી સાહેબોના આશીષ કાયમ રહે એવી યાચના ગુજારી હતી.

# અબડાસાના સાંધાણ તીર્થ નગરે પ.પૂ.મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ આનંદ સભર માહોલમાં થયો






તા.૧૮ જુલાઈ રવિવારના મંગલમય દિને કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સાંધાણ તીર્થ નગરે પ.પૂ.મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા.ના ચાતુર્માસાર્થે આનંદ સભર માહોલમાં વાજતે ગાજતે પ્રવેશ થયો.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર થઈ જોડાયા હતા. શ્રાવિકા બહેનોએ શિરે સુશોભિત બેડા-કળશ ધરી અને વિવિધ રીતે ગહુલી રચી પ્રવેશ આગમનને વધાવ્યો હતો.

# સાહિત્ય રસિક અને સાહિત્ય સંશોધક આચાર્ય શ્રી શ્રેયાંસચંદ્રસૂરિજી મ.સા. કાળધર્મ પામ્યા



નેમસૂરી સમુદાયના સાહિત્ય રસિક, પ્રખર સાહિત્યપ્રેમી અને સાહિત્ય સંશોધક પ.પૂ.આચાર્ય શ્રી શ્રેયાંસચંદ્રસૂરિજી મ.સા. તા.૧૯ જુલાઈ સોમવાર રોજે સાંજે ૫ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓશ્રીનો દીક્ષા પર્યાય ૬૫ વર્ષનો હતો.

પૂજ્યશ્રી સંસાર પક્ષે ગામ જખૌના સ્વ.ઠાકરશી નાગશી લોડાયાના સુપુત્ર સ્વ. ખીમજી, સ્વ. મણિકાંત, ભરત, સ્વ. હીરબાઈ સોમચંદ ખોના, સ્વ. દેવકુંવર હીરાચંદ મોમાયાના ભાઈ હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ખાનદેશ પ્રાંતના પારોલા નગરે પ.પૂ.સાધ્વીશ્રી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ ભવ્યતાપૂર્ણ રીતે થયો





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતની ખમીરવંતી ધન્યધરા એવા પારોલા નગરે પરમ વિદુષી પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા.ના સરલ સ્વભાવી શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પ્રવેશ તા.૧૮ જુલાઈ રવિવારના સવારે ૮.૩૦ કલાકે ગાંવ હોલી ચોકથી સંઘના શ્રાવક શ્રાવિકાઓના ભવ્ય ઉત્સાહભેરના સામૈયા સાથે થયો.



પૂજ્યશ્રી સાહેબ સાથે પ.પૂ.સાધ્વીશ્રી ખંતિગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મલ્લીગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની સાથે પધરામણી થઈ છે. ચાતુર્માસના અનેરા ધર્મ આરાધના લાભ લેવાનો સંઘના સૌ ભાવિકોમાં અત્યંત ઉત્સાહ છે.







# કચ્છના વર્ધમાન નગરે ચાતુર્માસ લાભાર્થે પધારવાનું ઈજન

અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાનું કચ્છના પાટનગર ભુજના પરિસરમાં વર્ધમાન નગર સંઘમાં ચાતુર્માસ પ્રવેશ પધરામણી થઈ ગઈ છે. કચ્છ વતનમાં આવતા શ્રાવક શ્રાવિકાઓ ભાવિકો અચુક વર્ધમાન નગરે પધારજો અને સાધર્મિક ભક્તિનો લાભ આપજો એ સંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ છે. ચાતુર્માસ દરમ્યાન સંપૂર્ણ સાધર્મિક ભક્તિના પુણ્યવંત લાભાર્થી પરિવાર માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર જામનગરવાળા છે.

આપ ક્યારે ને કેટલી સંખ્યામાં પધારશો એની જાણી આપેલ સંપર્ક સૂત્ર પર એક દિવસ અગાઉથી કરશો જેથી સુચારુ વ્યવસ્થા થઈ  શકે. સંપર્ક સૂત્ર પ્રબોધભાઈ મુનવર-૯૯૨૫૧૬૯૮૭૬, મહેન્દ્રભાઈ લોડાયા-૯૧૦૬૬૦૩૩૦૮, નિમેશભાઈ શાહ-૯૯૭૯૩૨૯૯૮૭, ભૂપેશભાઈ શાહ-૯૮૨૫૨૮૭૫૪૬.

# જલગામ સંઘમાં સાધ્વીવર્યાજી મ.સા. ઠાણા ૪નું ચાતુર્માસિક સ્થિરવાસ મંગલ પ્રવેશ









શ્રી અચલગચ્છ જૈન શ્રી સંઘના સાધ્વીવર્યાજી પ.પૂ.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ લગભગ છ-સાત માસથી ખાનદેશ પ્રાંતના જલગામ નગર સંઘમાં સ્થિરવાસ કરી રહ્યાં છે. તેઓશ્રીનું આ વર્ષનું ચાતુર્માસ નાંદેડ નગર ખાતે હતું. પરંતુ કોરોના મહામારીના વિપરીત કાળના કારણે ત્યાંના સંઘની વિનંતી-આમંત્રણને મુલત્વી રાખવું અનિવાર્ય બન્યું અને જલગામ નગરના સંઘમાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ જલગામની નિશ્રામાં સ્થિરવાસમાં વધારો કરવો પડ્યો.

તા.૧૬ જુલાઈ શુક્રવારના સૌમ્ય એપોર્ટમેન્ટથી શ્રી ધર્મનાથ જૈન દેરાસરમાં ચાતુર્માસિક-સ્થિરવાસ અર્થે મંગળ પ્રવેશ હર્ષોલ્લાસના માહોલમાં થયો. સામૈયું કરવા શ્રી સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉત્સાહવર્ધક પૂર્ણ હાજરી સાથે ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી સંઘની બાલિકાઓ ઉમંગથી શિરે બેડાં કળશ શ્રીફળ ધરી સત્કાર ભાવ વ્યક્ત કર્યો હતો.



# સૌરાષ્ટ્ર પ્રાંતના રાજકોટ નગરે પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબોની ચાતુર્માસાર્થે પધરામણી થઈ





ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતના રંગીલા રાજકોટ નગરના સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.દેવરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩નો ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો. વાજતે ગાજતે પૂજ્ય સાહેબોનું અઢળક ઉત્સાહના માહોલમાં સંઘના નાની મોટી વયના શ્રાવક શ્રાવિકોના સંગાથે સામૈયું થયું. પુરૂષ ભાવિકો ભાત ભાતના સાફા પરિધાન કરી રજવાડી માહોલ સર્જ્યુ હતું. બાલિકાઓ તથા શ્રાવિકા બહેનોએ શિરે બેડલા કલશ શ્રીફળ ધરીને વિવિધ ભાતની ગહુલી રચી હરખની હેલી દર્શાવી હતી.





## જ્ઞાતિના એસ.એસ.સી. તથા એચ.એસ.સી.માં ઉર્ત્તીણ થયેલ વિદ્યાર્થીઓ જોગ

એસ.એસ.સી. તથા એચ.એસ.સી.માં રાજ્ય તેમજ કેન્દ્રીય બોર્ડની પરીક્ષામાં સારા માર્કસ મેળવી ઉર્ત્તીણ થયેલ જ્ઞાતિના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ પોતાનું પુરૂં નામ, ગામ, અભ્યાસ ધોરણ, મેળવેલ માર્કસ, ટકા, બોર્ડનું નામ તથા કોન્ટેક્ટ નંબર વિગત સાથે ફોટો ઈમેલ gyatimaiya2018@gmail.com દ્વારા મોકલવો.

વધુ વિગત માટે

**મનિષા લાલકા - 9820545374**

**વર્ષા લોડાયા - 9833072879**

# તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ થાણા ૨નું ચાતુર્માસ મંગલ પ્રવેશ





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક નગર તેરા નગરના સંઘમાં વિક્રમ સંવત ૨૦૭૭ના વર્ષના ચાતુર્માસના સુમંગલ વધામણા પૂજ્ય સાહેબોની પધરામણી થયા. તા.૨૦ જુલાઈ મંગળવાર અષાઢ સુદ ૧૨ના દિને પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો તેરા તીર્થ સંઘમાં ભવ્યતાથી પ્રવેશ થયો.

તેરા સંઘ પેઢીનો સંપર્ક નં.૦૨૮૩૧-૨૮૯૨૨૩/૨૮૯૪૩૩ તથા મો.નં.૦૯૪૨૬૨૬૫૨૩૨

# સાંતાક્રુઝ સંઘમાં ૨૭ દિવસની શ્રાવકો માટે નવગ્રહ અધિપતિ જાપ





શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં પૂજ્ય ગુરુદેવનો ગોલ્ડન સંયમ વર્ષનો અનેરો આનંદ વર્તાય છે. અસ્ત વ્યસ્ત બનેલા જીવનને બનાવવા સ્વસ્થ નવગ્રહના અધિપતિના જાપમાં બની જાઓ મસ્ત. શુ. આપ કોરોનાથી ડરો છો? શું આપના શરીરમાં રોગોએ ઘેરો ઘાલ્યો છે? શું આપનું મન ટેન્શન અને કુવિકલ્પોથી ત્રસ્ત છે? સું આપના જીવનમાં આનંદ ઓસરી ગયો છે? તો જરા સાંભળો. બાળપણમાં ભણતર, યૌવનમાં અર્થોપાર્જન, વૃધ્ધાવસ્થામાં રોગોની રીબામણ આ છે સંસારની કાયમી સમસ્યા. આવો એક બીજી પણ દુનિયા જુઓ. જ્યાં જઈને આપણા જેવા એનેક દુ:ખીયારા સુખ-શાંતિ અને સમાધિ પામ્યા છે. સ્વાગત છે આપનું એ બીજી દુનિયામાં. એટલે કે જાપની દુનિયા.

નવગ્રહના અધિપતિના જાપથી આપણે પણ સુખ અને શાંતિ તથા સમાધિ પામીઓ. ચોમાસાર્થે પધારેલા પ્રવચન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યાગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં સવારે મંગલપ્રભાત સમયે ૬.૧૫ થી ૭.૧૫ કલાક સુધી અષાઢ વદ એકમથી ૨૭ દિવસ માટે આ જાપ માત્ર શ્રાવક પુરૂષો માટે છે. કોઈપણ ઉંમરના બાળકો, યુવાનો કે વડીલો જોડાઈ શકે છે. આવો પધારો એક દિવસ આવશો તો રોજ આવવાનું મન યા વગર રહેશે નહીં.

# ભાંડુપ સંઘમાં આદિનાથ દાદાની શીતલ છાયામાં ગુરૂ સર્મપણ ઉત્સવ ઉજવાયો







તા.૨૪ જુલાઈ શનિવાર ગુરૂપૂર્ણિમા નિમિત્તે ભાંડુપ સંઘમાં શ્રી આદિનાથ દાદાની શીતલ છાયામાં ગુરૂ સમર્પણ ઉત્સવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ઉજવાયો. આ એક ઐતિહાસિક પ્રસંગ જે ભાંડુપ નગરે શ્રી ક.દ.ઓ.જૈન સંઘમાં વરસો વરસ યાદગાર રહેશે.



એક અલૌકિક અદ્‌ભૂત અવિસ્મરણીય વિમોચન કલ્પસૂત્ર જે ૨૪ કેરેટ સોનાની શાહીથી લખાયેલું છે અને જેની કિંમત ૮ લાખથી પણ વધારે છે. જે એક સદગૃહસ્થ પુણ્યશાળી પરિવારો નામ જાહેર ન કરતાં અર્પણ કરેલ. જેનું વિમોચન આજ રોજ દિને ગુરૂદેવોના મંગલમય વાસક્ષેપ સાથે મુંબઈ મહાજનના ઉપપ્રમુખ કુમારભાઈ દંડ અને ધાર્મિક સમિતિના કન્વીનર મનોજભાઈ લોડાયાના હસ્તે વિમોચન કરાયું હતું. આ પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં પ.પૂ.ગુરૂદેવના મુખેથી ભાંડુપ સંઘમાં કલ્પસૂત્રનું વાંચન કરવામાં આવશે.

આવા સુકૃત કાર્યો કરી શાસનની સેવા કરો એવા ભાવ સાથે ખૂબ ખૂબ અનુમોદના પરિવારના શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા કરાઈ હતી.





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● મુંબઈમાં કચ્છી ગુજરાતી સમાજ માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતા હેમરાજ વીરમ શાહને ૧૯૭૭માં ૩૬ વર્ષની નાની વયે તંત્રી બનવા બદલ 'યંગેસ્ટ ન્યૂઝ પેપર એડિટર' તરીકે 'વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા' બુકમાં સ્થાન મળ્યું છે. કચ્છ શક્તિ નામનું આઠ પાનાનું દૈનિક શરૂ કર્યું ત્યારે તેઓ ૩૬ વર્ષના તરવરીયા યુવાન હતા. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ તથા મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના પ્રમુખ છે.

● રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત સેવા સાધના કચ્છ એકમ અને મદનપુરા સાર્વજનિક હિન્દુ સ્મશાન ગૃહ સમિતિ દ્વારા કોરોનાગ્રસ્ત મૃતકોની ચિર સ્મૃતિમાં સ્વજનોના હસ્તે વૃક્ષ વાવેતરનો પ્રેરક પ્રસંગ યોજાયો હતો. ૧૫ એપ્રિલ થી ૩૦ મે દોઢ માસ ચાલેલા પંચ મહાભૂત આરાધના યજ્ઞમાં ૪૩૫ દેહ અહીં વિસર્જિત કરાયાની વિગતો સાથે નોંધ તૈયાર કરી વન વિભાગના સહયોગથી વૃક્ષોના રોપા ઉપલબ્ધ થયાં હતાં. હવે અમારા વહાલાજનો વૃક્ષ રૂપે જીવશે તેવા પ્રતિભાવ સાથે સ્વજનોએ પ્રેમપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું.

● સ્વાસ્થ્ય ઉત્પાદનોની કંપની 'ડેટોલ'ના હેન્ડવોશ પર ભચાઉ તાલુકાના સામખિયાળીના પ્રતિભાશાળી દિવ્યાંગ યુવા ક્રિકેટ વિભા રબારીને સ્થાન મળ્યું છે. કું દ્વારા ડેટોલ સેલ્યુટ મૂવમેન્ટ ચાલે છે. જેના દ્વારા કંપની વિભા રબારીની પસંદગી કરી હતી. વિભા ડાબોડી બેટસમેન છે અને દુબઈ ખાતે શાનદાર દેખાવ કર્યો હતો. આઈપીએલની તર્જ પર દિવ્યાંગ પ્રીમિયર લીગ સ્પર્ધા યોજાય છે. જેમાં વિભા મુંબઈ આઈડિયલ્સ ટીમનો હિસ્સો છે. કોરોના કાળને લઈ આ વખતે દુબઈના શારજાહમાં યોજાઈ હતી. આ યુવા ક્રિકેટર નેપાળ અને બાંગલાદેશમાં પણ રમી આવ્યો છે. ૨૦૧૯માં નેપાળમાં રમાયેલી સ્પર્ધામાં તેને બેસ્ટ વિકેટ કીપરનો એવોર્ડ મળ્યો હતો.

● મુંદરા તાલુકાના વડાલા ગામ પાસે કાર્યરત નીલકંઠ કંપની દ્વારા પાંચસો વૃક્ષોનું વાવેતર કરાયું હતું. કંપનીમાં જેટલા પણ કર્મચારી છે તે દરેકના નામે એક છોડનું વાવેતર કરવામાં આવ્યું. આવનારા સમયમાં નજીકની કંપનીઓ સાથે વાતચીત કરીને દર મહિને એક હજાર છોડનું વાવેતર થાય એવી નેમ છે. મુંદરા તાલુકાના વડાલા, ભદ્રેશ્વર, પાવડિયારા હમીરામોરા, વવાર ગામે વૃક્ષ વાવણી થશે. છોડની રક્ષા માટે પિંજરા દરેક કંપનીના સહયોગથી લેવામાં આવશે. આવતા પાંચ વર્ષમાં એક લાખ વૃક્ષો ઉછેરવાની નેમ છે.

● અંજારમાં શાકભાજી ફ્રુટ માર્કેટ યાર્ડ ૧૦ એકર જમીન પર રૂા.૫૦ કરોડના ખર્ચે નિર્માણાધિન છે. ૫૦૦ થી વધુ વેપારીઓને વિશાળ જગ્યામાં ધંધા રોજગારને નવી તક મળશે. હાલે તેનું નિર્માણ કાર્ય પૂરજોશમાં છે જે સંભવિત ડિસેમ્બરમાં પૂરૂં થશે. સમગ્ર કચ્છમાં શાકભાજી ફળોના વિતરણનું મોટું હબ ગણાતા અંજારમાં સમગ્ર રાજ્યનું મોડેલ યાર્ડ બનાવવા આધુનિક સુવિધા સાથે વિશાળ રસ્તા, પાર્કીંગની સુવિધા આગામી ૨૫ વર્ષનું આયોજન વિચારી શહેર અને તાલુકાની વસતીને ધ્યાનમાં રખાઈને કરાઈ છે. સીસીટીવી કેમેરા, ટી.વી., લાઈટ, રોડ, પાણી, અદ્યતન ડ્રેનેજ સિસ્ટમ, ફાયર સિસ્ટમ, વિશાળ પાર્કિંગ સુવિધા સાથે ઓક્શન માટે બે વિશાળ શેડ, ૫૦૦ થી વધુ વેપારીઓ માટે ૧૦૦ ફૂટના ૨૨૮ નાના થળ્ળા ૯૦ દુકાનો ૩૩૪ ફૂટની તેમજ ૧૩૩ દુકાન અને ગોદામ ૬૫૦ ફુટ અને ૯૦ દુકાન, ગોદામ ૯૦૦ ફુટની નિર્માણ થશે.

● ખાખરા ગૃહઉદ્યોગના મોટા મથક એવા ડોંબિવલી અને નાલાસોપારામાં કોરોના સંકટના કારણે વિકસેલા ખાખરાના ગૃહ ઉદ્યોગને કારમો ફટકો પડ્યો છે. હાલમાં લોકડાઉનને લીધે દુકાનો બપોરે ચાર વાગ્યા સુધી ઉઘડે છે. જેથી ખપત ઓછી થઈ જવાથી ૫૦ ટકા જેટલું જ ઉત્પાદન થાય છે. નાલાસોપારામાં ૨૦૦ જેટલા ખાખરાના કારખાના છે તો ડોંબિવલીમાં ૧૫૦થી વધુ ગૃહોમાં ખાખરા બનાવાય છે. મોટા ભાગે મહિલાઓમદ્વારા રોજી રળે છે.

# શેઠ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનો માટે ઉપયોગી વેક્સિનેશન માટેની માર્ગદર્શિકા

દરેક રજીસ્ટર થયેલ લાભાર્થીઓને વેક્સિનેશનના નિયત કરાયેલ સમય અનુસાર બોલાવવામાં આવેલ છે કૃપા કરીને તે સૂચના આ મુજબ સૌ અનુસર કરશો. જ્યારે વેક્સિનેશન લેવા આવો ત્યારે ૧) જમીને આવશો ભૂખ્યા પેટ ન આવવું. ૨) ટાઈટ કે આખી બાંયના કપડા કે ડ્રેસ ન પહેરવા લૂઝ અડધી બાંયના વસ્ત્રો પહેરવા જેથી બાવડામાં રસી સહેલાઈથી આપી શકાય ૩) રોજ જે નિયમિત દવાઓ લેતા હોત તે લઈ લેવી. કોઈ દવા છોડી ન દેવી ૪) કૃપયા જે આધાર કાર્ડ કે પેન કાર્ડ પર તમે રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે ઓરીજનલ સાથે રાખો ૫) Cowin રજિસ્ટ્રેશન નંબર તમારા પાસે હોવા ફરજિયાત છે ૬) તમે જો કોવિડશિલ્ડ વેક્સિનનો પહેલો ડોઝ લીધો હોય તો બીજા ડોઝના રજિસ્ટ્રેશન માટે પહેલા ડોઝનું સર્ટિફિકેટ બતાડવું ફરજિયાત છે ૭) કોવિડશિલ્ડ વેક્સિનનો પહેલો ડોઝ લીધો હોય તેને ૮૪ દિવસ પૂરા નહી થયા હોય તો સિસ્ટમ બીજો ડોઝ માટે આગળ વધવાની પરવાનગી નહીં આપે. ૮) Convalescent Plasma અથવા Monoclonal Antibody Transfusion લીધા પછી તેમાંથી રજા અપાવાના ૩ મહિના બાદ વેક્સિન લઈ શકાય છે. ૯) અગાઉથી નક્કી કર્યા મુજબની સંખ્યાના વેક્સિનેશન ડોઝ હોવાને કારણે જે રજિસ્ટ્રેશન ન કરાવેલ હોય અને જેમને તારીખ અને સમય ન અપાયા હોય તેવી વ્યક્તિઓને વેક્સિન આપી નહીં શકાય જે ખાસ નોંધ લેશો. ૧૦) રસી કેન્દ્રમાં માસ્ક પહેરવું અને શારિરીક અંતર રાખવું ફરજિયાત છે.

આ સૂચના નોંધ મનિષા શાહ, સેક્રેટરી શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા અપાઈ છે.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સુશીલા ધરમશી**
તા.૧૮ જુલાઈ (ઉ.૭૬)
ઐરોલી-નવી મુંબઈ



**નવીનચંદ્ર ખોના**
તા.૧૯ જુલાઈ (ઉ.૭૫)
રંગપુર



**મેહુલ લોડાયા**
તા.૨૧ જુલાઈ
મંજલ રેલડિયા-મુલુંડ (ઈ)



**પ્રેમીલા દંડ**
તા.૨૨ જુલાઈ (ઉ.૬૮)
તેરા-ઈન્દોર



**લલીતા લોડાયા**
તા.૨૪ જુલાઈ (ઉ.૭૦)
દલતુંગી-ઘાટકોપર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA